
## ડાયરેક્ટ ❤ સે

વહાણ
દરિયાકિનારે
હંમેશાં સલામત હોય છે
પરંતુ યાદ રાખો
એ
દરિયાકિનારે
રહેવા માટે
નથી સર્જાયું

## જન્મદિને વધામણી



ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩



મોક્ષ દત્તેષભાઈ ભટ્ટ
મો. ૭૫૭૨૮ ૫૨૮૨૭



વેન્શી રાકેશભાઈ પારેખ
મો. ૯૦૯૯૨ ૮૨૫૫૬



દીવા શાલીન જોષી
મો. ૯૮૨૪૨ ૨૮૩૮૫

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા "ડેવલપીંગ ઈન્ટર-પર્સનલ સ્કીલ" વિષયે વર્કશોપ



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વિતીય વર્ષના ૧૪૧ વિદ્યાર્થીઓ માટે તેમની સફળ કારકિર્દીના ઘડતર માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ વક્તા શીઝલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. વક્તા દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યકિત નો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકેતે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી.

મેનેજમેન્ટના ક્ષેત્રમાં ખુબ ઉજવવળ તકો છે. પરંતુ વિદ્યાર્થી ને પોતાની રૂચી તેમજ તેની આવડત ને આધારે કારકિર્દી ઘડતરનો મહત્વ નો નિર્ણય લેવો જોઈએ. સાથેસાથે વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યું માટેની તૈયારી બાબતે પણ ખુબ ઉપયોગી માર્ગદશન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષપર્યંત પ્રયત્નશીલ રહે છે.વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું કે આ વર્કશોપ તેઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના, પ્રો. શીતલ પટેલ, પ્રો. જાનકી દવે દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

### આઈએનઆઈએફડી ગાંધીનગરના બે વિદ્યાર્થી

# લંડન ફેશન વીકમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે





ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ખાતે આવેલી આઈએનઆઈએફડીના બે વિદ્યાર્થીઓ ગુજરાતને પ્રથમવાર લંડન ફેશનવીક માં રિપ્રેઝન્ટ કરશે. જેમાં સાજીદ નંસિંદાની અને કેતન બોરાડની પસંદગી કરવામાં આવી છે. લંડન ફેશન વીક મીડ સપ્ટેમ્બર ૨૦૧૮ ના યોજાશે.

આ બંને સ્ટુડન્ટ્સ ને વેસ્ટર્ન ગાર્મેન્ટ્સ માં ઈન્ડિયન ટચ ને આઉટફિટ માં રેપ્રેઝન્ટ કરવાનું રહેશે જેમાં સાજીદ નંસિંદાની રાજસ્થાની બ્લ્યુ પોટરી થીમ પર પોતાના આઉટફિટ ડિજાન્સ કરશે તો કેતન બોરાડ મિકેનિકલ પ્રોડક્ટ થી વેસ્ટર્ન આઉટફિટ ની ડિઝાઈન્સ કરશે. ગુજરાતમાંથી પ્રથમવાર કોઈ સમર સ્પ્રિંગના વર્ષ ૨૦૧૯માં કલેક્શનને સ્ટુડન્ટ લંડન ફેશન વીકમાં પોતાના કલેક્શન ને રિપ્રેઝન્ટ કરશે. આ વિષે વાત કરતા સાજીદ નંસિંદાની જણાવ્યું કે "કોલેજ ના પહેલા વર્ષ થી હું ડિઝાઈનિંગ માં એક્સપર્ટ હતો અને ત્યારથી ફેશન વીકમાં ભાગ લેવાની તૈયારી શરુ કરી દીધી હતી.છેલ્લા ૮ મહિના થી મારા સ્કેચ મેં ત્યાં મોકલવાની શરૂઆત કરી અને ફેશન ડિઝાઈન્સ ના બીજા વર્ષમાં પ્રવેશ થતાની સાથે મારું સિલેક્શન થઈ ગયું. આ પહેલા મુંબઈમાં લંડન ફેશન કોર્ડીનેટર જોસેફ ટોરોનકોએ અમારા કન્સેપટ વિષે માહિતી લીધી. આ સાથે લંડનના લોકોની સ્ટાઈલ અને પસંદગીનું ધ્યાન રાખી ડિજાઈન કરવાનું રહેશે જેમાં હું રાજસ્થાની બ્લ્યુ પોટરી થીમમાં ઈન્ડિયન એમ્બ્રોયડરી અને ઈન્ડિયન ટચને ડિજિટલ પ્રિન્ટ માં દર્શાવીશ. મારી આ થીમ માં સ્પ્રિંગ સીઝનના કલરફુલ કલર્સ જોવા મળશે. ઈન્ડિયન અને ઈન્ટરનેશનલ વેસ્ટર્ન કલચરમાં ખુબ ફરક હોય છે." લંડન ફેશન વીક વિષે વાત કરતા કેતન બોરાડ એ જણાવ્યું કે "ડિપ્લોમા ઈન મેકેનિક એન્જીનીયરીંગ બાદ હું હાલ માં ફેશન ડિઝાઈનનો અભ્યાસ કરું છું. લંડન ફેશન વીકમાં એન્ટ્રી લેવા યુનિક કોન્સેપટ અને થીંકીંગ હોવું જરૂરી છે તે માટે પ્રથમવાર લોકોને મેકેનિક એન્જીનીયરીંગના પ્રોડક્ટને ઈન્ડિયન ટચ સાથે વેસ્ટર્ન આઉટફિટ માં જોવા મળશે. ફેશનવીકમાં પ્રોપર ડિઝાઈનિંગ, સ્ટાઈલિંગ અને કોન્સેપટ હોવો જરૂરી છે આ ફેશન વીક માં ભાગ લેવા માટે અમે ત્યાંના લોકોના ફેશન ટ્રેન્ડ વિષે જાણી ને અમારા ડિઝાઈન્સ તૈયાર કર્યા હતા." ઈન્ટરનેશનલ વેસ્ટર્ન ટ્રેન્ડ વિષે માહિતી આપતા વિદ્યાર્થીઓએ જણાવ્યું કે વિદેશમાં સ્પેશિયલ સ્પ્રિંગ કલેક્શન ખરીદતા હોય છે અને તે લોકોને કલરફુલ કપડા પહેરવા વધારે પસંદ પડે છે તેમાં પણ ખાસ કરીને નિયોન કલર પહેરવા ગમે છે. ઈન્ડિયન વેસ્ટર્ન આઉટફિટમાં આપણે પરફેક્ટ ફિટિંગવાળા કપડા પહેરતા હોઈએ છીએ જ્યારે ઈન્ટરનેશનલ વેસ્ટર્ન કલેક્શનમાં તેઓ થોડા લૂસ ફિટિંગ પસંદ કરે છે. ઈન્ડિયન ટ્રેન્ડ પ્રમાણે લોકોને મટીરીયલમાં કોઈ ચોઈસ નથી હોતી પણ ઈન્ટરનેશનલ પ્રમાણે તેઓ સ્કિન માટે હાઈજેનીક પહેરવા પ્રિફર કરે છે ઈન્ટરનેશનલ કલેક્શનમાં જોર્જેટ, વેલ્વેટ, લીનન, ડેનીમ, પ્યોર સિલ્ક જેવા મટીરીયલ વધારે પસંદ કરવામાં આવે છે.

# ઍમ પી ચૌધરી ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય



ઍમ પી ચૌધરી ચૅરીટેબલ ટ્રસ્ટ તથા ગાંધીનગર ઍજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર જિલ્લાની ૧૧ શાળાઓ, મહેસાણા જિલ્લાની ૮ શાળાઓ, અરવલ્લી જિલ્લાની પાંચ શાળાઓ અને સાબરકાંઠા જિલ્લાની પાંચ શાળાઓમાં ૫૫૦ ડઝન ચોપડા-નોટબૂક્સ, ૧૦૦ નંગ સ્કૂલબેગ, ૨૦૦ નંગ કંપાસ, બોલપેન, રબર, પેન્સિલ, ફુટપટ્ટી, સંચા, પેન્સિલ કટરની ૫૦૦ નંગ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આર સી પટેલ સ્કૂલમાં પ્રવેશોત્સવની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, ગાંધીનગર ખાતે ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્રિએટીવ ઝોનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કૅમ્પસના સંયોજક ડૉ. વીણાબેન પટેલ અને માધ્યમિક વિભાગના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મનીષાબેન પટેલ અને દેવયાનીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર દર્શન માધ્યમિક વિભાગના સુપરવાઈઝર પ્રવીણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા

# આંતરરાષ્ટ્રીય ડ્રગ ઍબ્યુસ અને ગૅરકાયદે ટ્રાફિકિંગ દિન ઉજવાયો




## વિદ્યાર્થીઓને ડ્રગ્સનું સેવન નહીં કરવાની પ્રતિજ્ઞા લેવડાવાઈ

ગાંધીનગર, તા. ૨૬


દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય ડ્રગ ઍબ્યુસ અને ગૅરકાયદેસર ટ્રાફિકિંગ દિવસ (૨૬ જૂન)ની ઉજવણી નાટ્ય પ્રયોગના માધ્યમથી કરવામાં આવી હતી.

શાળાના છાત્રોએ પ્રાર્થના સભા બાદ ડ્રગ ઍડિક્ટ વ્યક્તિ અને તેના પરિવારજનોની કરૂણ હાલતનો ચિતાર રજૂ કરતી નાટિકા પ્રસ્તુત કરીને સૌને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો.

કાર્યક્રમના અંત ભાગમાં શાળાનાં શિક્ષક મોહન બક્સાનીએ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને ડ્રગ્સનું સેવન નહીં કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

### રાષ્ટ્રીય વંચિત લોકમંચ સંગઠનમાં

# ગુજરાતી લેખિકા-અભિનેત્રી જિજ્ઞાસા પટેલની નિમણૂંક



ગાંધીનગર, તા. ૨૬

રાષ્ટ્રીય વંચિત લોક મંચ દેશના વિવિધ રાજ્યોમાં આદિવાસી અને વંચિતો માટે કાર્યરત છે આ સંગઠનમા દેશના વિવિધ રાજ્યોના હોદેદારોની ચૂંટણી યોજાયેલી જેમાં ગુજરાત, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તેલંગાણા, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ અને બિહાર રાજ્યમાં ચૂંટણીમાં અંતિમ પરિણામ ઘોષિત કરવામાં આવેલ જેમાં એકમાત્ર મહિલા ઉમેદવાર અને ગુજરાતી નવલેખિકા અને અભિનેત્રી જીજ્ઞાશા પટેલની મહિલા અને બાળ વિકાસ શાખામાં પ્રદેશ અધ્યક્ષ તરીકેની નિમણુક કરવામાં આવેલ છે.

અન્ય તમામ પરિણામ સંગઠન ની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. દરેક નવ નવનિયુક્ત પદાધિકારી ને દેશ વિદેશ થી શુભકામનાઓ મળી રહી છે. રાષ્ટ્રીય વંચિત લોકમંચના રાષ્ટ્રીય અધ્યક્ષ સચિન સરવટે તથા રાષ્ટ્રીય સચિવ નીરજ ચૌહાણ તરફથી આ નિમણુકની જાહેરાત કરવામાં આવી છે.

# રંગતાલ પ્રિસ્કૂલ દ્વારા યોગ દિવસ ઉજવાયો



રંગતાલ પ્રિસ્કૂલ, રાંધેજા દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગનું આયોજન ભૂલકાઓ માટે કરવામાં આવ્યું હતું. યોગ અભ્યાસુ શિક્ષકોના માર્ગદર્શનમાં ભૂલકાઓએ યોગ અને પ્રાણાયામ કરી યોગ શીખવાની દિશામાં પ્રથમ પગલું ભર્યું હતું.

# હેલન કેલર : તનથી અશક્ત પણ મનથી સમર્થ




૨૭મી જુન, ૧૮૮૦ના રોજ અમેરિકાના અલાબામાં જન્મેલા હેલન કેલર બાળપણમાં ખુબ તંદુરસ્ત એવા છ મહિનાના હતા ત્યારથી ચાલતા અને એક વર્ષના થયા ત્યારથી બોલવા લાગેલા. ૧૮૮૨માં તે ફક્ત ઓગણીસ મહિનાના હતાં તે સમયે તેમને તાવ આવ્યો અને તેમાં તેઓએ આંખો ગુમાવી, મૂંગા બન્યા અને કાને બહેરાશ આવી.

આ પરિસ્થિતિમાં કેલરે તેમનો વિકાસ કરવાની કોશિશ ચાલુ રાખી. પરિવારના રસોઈયાની માર્થા નામની પુત્રી સાથે વાતચીતની પદ્ધતિ વિકસાવી. બન્નેએ સાઈન લેંગ્વેજની રચના કરી હતી અને એકબીજા સાથે વાતચીત કરવા ૬૦થી વધુ સંકેતો શોધ્યા હતા. પરંતુ કેલર આ સમય દરમિયાન ખૂબ જ જંગલી અને બેકાબૂ બની ગયા હતા. જ્યારે ગુસ્સે થતાં તે વખતે ચીસચીસ કરી મૂકતાં અને ખુશ થાય અનિયંત્રિતપણે હસવાનું શરૂ કરી દેતાં. માર્થા અને માતાપિતા ઉપર ક્રોધ ઉતારતાં.

૧૮૮૬માં, કેલરની માતાએ લૌરા બ્રિગમેન નામની બહેરી અને અંધ બાળાને શિક્ષણ આપતી સંસ્થા વિશે સમાચારપત્રમાં વાંચતાં તરત જ કેલર અને તેના પિતાને બાલ્ટીમોર, મેરીલેન્ડમાં મોકલવામાં આવ્યાં. ત્યાંના નિષ્ણાત ડૉ. જે. જુલિયન ચિસોલમે કેલરને તપાસી ભલામણ કરી ટેલિફોનના શોધક, એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ, કે જેઓ તે સમયે બહેરા બાળકો સાથે કામ કરતા હતા તેમની પાસે મોકલ્યા. બેલ કેલર અને તેના માતાપિતાને મળ્યા, અને તેમણે બોસ્ટન સ્થિત પર્કીન્સ ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ બ્લાઈન્ડનો સંપર્ક કરવા જણાવ્યું. સંસ્થાના ડિરેક્ટર માઈકલ એન્ગાનોસને મળ્યા અને ડિરેક્ટરે હેલનને તાલિમ આપવા માટે એની સુલિવાનનું નામ સુચવ્યું. અને ત્યાંથી જ હેલનના જીવનમાં મેન્સફીલ્ડ સુલિમાન નામની અધ્યાપિકા નો પ્રવેશ થયો. જેણે હેલનને વર્ણમાળા શિખવવાનું શરૂ કર્યું પરંતુ તેમાં ખૂબ જ મુશ્કેલી પડી. એક એક અક્ષરને વારંવાર સમજાવવો પડતો. સાથોસાથ બોલવાનો અભ્યાસ કરવામાં પણ આંશિક સફળતા મળી. પણ આ બધાની પાછળ હેલનનું દ્રઢ મનોબળ કામ આવ્યું. આઠ વર્ષના અથાક પરિશ્રમ પછી ૨૪ વર્ષની ઉંમરે તેમણે બી.એ.વીથ આટ્ર્સ પુરુ કરનાર વિશ્વની પહેલી બહેરા-અંધ વ્યકિત હતાં. સુલિવાન તેમના શિક્ષિકા જ નહીં પરંતુ તેમના જીવના એક અંગ સમાન હતાં. તેમની મદદથી હેલને કાર્લમાકર્સ, ટૉલ્સટોય, નીત્શે, રવિન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી જેવા વિચારકોને વાંચ્યા. ઘણા પુસ્તકોનો બ્રેલ લિપિમાં અનુવાદ કર્યો. તેમના દ્વારા લખાયેલ તેમની જ આત્મકથા 'ધ સ્ટોરી ઓફ માય લાઈફ' ૫૦ ભાષાઓમાં પ્રકાશિત થયેલ છે. તેમાં બહેરા અને અંધ બાળકના શિક્ષણની વાર્તા છે. સોશ્યાલિસ્ટ પાર્ટીના સભ્ય ઉપરાંત તેમણે ૧૯૨૦માં એ. સી. એલ .યુ. (અમેરીકન સિવિલ લિબર્ટીઝ યુનિયન)ની સ્થાપના કરી. ૨૦મી સદીની શરૂઆતમાં મહિલાઓ માટે ખૂબ ક્રાંતિકારી વિચારો ધરાવતાં તેઓ સ્ત્રીઓના અધિકારો અને વસ્તીનિયંત્રણના તેઓ હિમાયતી હતાં.

નાની વયે પિતાના મૃત્યુ પશ્ચાત સુપ્રસિધ્ધ વિચારક માર્કટ્વેને હેલનને આગળ ભણાવવા માટે મિત્રોની મદદથી પૈસા એકઠા કરવાનું નક્કી કરતાં હેલને માર્કટ્વેનને કહ્યું કેઃ ' તમે જો પૈસા એકઠા કરવા માગો છો તો મારા માટે નહીં પણ મારા જેવા વિકલાંગ બાળકો માટે કરો.' માર્કટ્વેને કહ્યું છે કે ' ૧૯મી સદીમાં નેપોલિયન અને હેલન કેલર બે જ સૌથી વધારે દિલચસ્પ વ્યક્તિઓ છે.' વિશ્વના ઘણા દેશોનો પ્રવાસ કરી વિકલાંગો માટે કરોડો રૂપિયાની ધનરાશી એકત્ર કરી અને તેના દ્વારા અનેક સંસ્થાઓનું નિર્માણ કરેલ. દાનમાં મળેલ પૈસામાંથી એક રૂપિયાનો ખર્ચ તે પોતાના અંગત ખર્ચ માટે વાપરતાં નહોતાં. પોતે સ્વાવલંબી હતાં. ખાવાનું બનાવવું, સાફ-સફાઈ, કપડાં ધોવા વિગેરે પોતાના દરેક કામો જાતે કરવાના.

તે ભારતની મુલાકાત દરમિયાન રવિન્દ્રનાથ ટાગોર અને પં.જવાહરલાલથી ખુબ પ્રભાવિત થયાં હતાં. કોઈ આગંતુકને તેઓ પગલાંના અવાજથી તેનું વર્ણન કરી શક્તાં અને રંગોને સ્પર્શ કરવાથી ઓળખી લેતાં. ઘોડે સવારીના શોખીન હતાં. વિકલાંગો પ્રત્યેની મનુષ્યની ઉદાસીનતા હેલન કેલરને ખુબ દુ:ખી કરતી હતી. તેઓ કહેતાં કે ' આપણે બીજા લોકોને ખુશ કરવાની કોશિશ કરીએ છીએ ત્યારે જ આપણને ત્યારે જ સાચી ખુશી મળે છે.' દ્રષ્ટિહિન લોકોને શિક્ષિત કરવા તેમણે ઘણી મહેનત કરી હતી. ૧૯૪૩ના બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન દેશની હોસ્પિટલોમાં ફરી ફરી દ્રષ્ટિહિન, મૂક બધિર સૈનિકોને મળી તેમના ઈલાજ કરાવ્યા. ૧૯૪૬માં ' અમેરીકન બ્રેલ પ્રેસ' ને ' ધ અમેરીકન ફાઉન્ડેશન ફોર ઓવરસીઝ બ્લાઈંડ ' અને તે આજે ' હેલન કેલર ઈંટરનેશનલ 'નામથી જાણીતું છે. ૧૯૩૬ માં, કેલરને સમર્પિત એવા તેમના પ્રિય શિક્ષક અને સાથી, એની સુલિવાનનું અવસાન થયું. તેમનો ગુરુ-શિષ્યા તરીકેનો સંબંધ ૪૯ વર્ષ રહ્યો. સુલિવાનના મૃત્યુ પછી પીટર ફેગન તેમના ખાનગી સચિવ બન્યા. ૧૯૪૬માં, કેલરને અમેરિકન ફાઉન્ડેશન ઓફ ઓવરસીઝ બ્લાઈન્ડ માટે આંતરરાષ્ટ્રીય સંબંધોના સલાહકાર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કેલરે ૧૯૫૨ માં મીડ-ઈસ્ટની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે અંધ અને અપંગો માટેના હક્કો માટે સ્થાનિક નેતાઓને મળ્યા હતા. ઈજિપ્તના શિક્ષણ મંત્રીને અંધ બાળકોને કૉલેજનું શિક્ષણ મળી રહે તે માટે માધ્યમિક શાળાઓની વ્યવસ્થા કરવા જણાવ્યું. જેરુસલેમમાં તેમના સન્માનમાં ત્યાંની એક શાળાને હેલેન કેલર શાળાનું નામ આપવામાં આવ્યું છે. ૧૯૫૩ માં તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. ૧૯૪૬ અને ૧૯૫૭ દરમિયાન તેમણે ૩૫ દેશોમાં પ્રવાસ કર્યો. ૧૯૫૫ માં, ૭૫ વર્ષની વયે, કેલરે એશિયામાં તેમના જીવનનો સૌથી લાંબો ૪૦,૦૦૦ માઈલનો પ્રવાસ પાંચ મહિનામાં કર્યો અને તે દરમિયાન તેમણે ઘણા ભાષણો અને દેખાવ દ્વારા લાખો લોકોને પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું. તેમના જીવનકાળ દરમિયાન, ૧૯૩૬માં થિયોડોર રૂઝવેલ્ટ ડિસ્ટિન્ગુઈશ સર્વિસ મેડલ, ૧૯૬૪ માં ધ પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમ, અને ૧૯૬૫ માં વિમેન્સ હોલ ઓફ ફેમની ચુંટણી સહિતની તેમની સિદ્ધિઓની હતી. તેમને ટેમ્પલ યુનિવર્સિટી, હાર્વર્ડ યુનિવર્સિટી, ગ્લાસગો યુનિવર્સિટી, સ્કોટલેન્ડની યુનિવર્સિટીઓ, બર્લિન, જર્મની; દિલ્હી, ભારત, જોહાનિસબર્ગની વિટવોટરસ્રાન્ડ વિગેરેમાંથી ઓનેરરી ડોક્ટોરલની ડિગ્રીઓ એનાયત કરવામાં આવેલ.

પુરુષાર્થનું મહત્વ બતાવતાં, હિંમત અને સાહસિકતાની મિસાલ એવા હેલનને ૧૯૬૧માં શ્રેણીબદ્ધ હૃદયરોગના હુમલાઓનો સામનો કરવો પડ્યો અને તેમને બાકી વર્ષો અમેરિકાના કોનેક્ટિકટમાં તેમના ઘરે રહી ગાળ્યા. પણ પહેલી જુન, ૧૯૬૮ના રોજ હૃદયરોગના હુમલાને કારણે આ સંસારમાંથી વિદાય થયાં. આલ્બર્ટ આઈન્સ્ટાઈન, ફ્રેન્કલીન ડી. રુઝવેલ્ટ અને મહાત્મા ગાંધી જેવા વિશ્વના ૧૦૦ પ્રભાવશાળી મહાનુંભાવો સૂચી ૧૯૯૯માં ટાઈમ મેગેઝીનમાં દર્શાવેલી તેમાં એક સ્થાન હેલન કેલરનું હતું, જે એક મહત્વપૂર્ણ ઘટના હતી.

